દિવાની દરખાસ્ત નંબર – ૧૮/૨૦૨૫

આંક ૧ નીચે હુકમ

આજરોજ રેકર્ડ ચેક કરતા સદર દરખાસ્ત છ મહિના જુની જણાઈ આવે છે. આ દરખાસ્ત તા:–૦૧/૦૯/૨૦૨૫ ના રોજ દાખલ કરવામાં આવેલ અને નોટિસની બજવણી તા:૧૯/૦૯/૨૦૨૫ ના રોજ થયેલ. જ્યારે દરખાસ્ત દાર દ્વારા રીકવરી વોરંટની અરજી પાંચ મહિના પછી તા:–૨૪/૦૨/૨૦૨૬ ના રોજ આપવામાં આવેલ જે મંજુર કરી અત્રેની કોર્ટ દ્વારા રીકવરી વોરંટ ઈસ્યુ કરવામાં આવેલ પરંતુ તે અન્ય કોર્ટના જ્યુરીડિક્શનમાં હોય આજદિન સુધી બજેલ કેઅ વગર બજેલ પરત ન હોય, તેમજ નામ. હાઈકોર્ટના જા. નં – ડી/૨૯૧૭/૨૦૨૫, તા:૦૧/૦૪/૨૦૨૫ અન્વયે નામ. સુપ્રીમ કોર્ટના સિવિલ અપીલ નંબર – ૩૬૪૦ – ૩૬૪૨ / ૨૦૨૫ ના પેરા ૭૫ માં જણાવેલ માર્ગદર્શન પ્રમાણે દરખાસ્ત છે તે છ મહીનાની અંદર ફેસલ કરવાના નિર્દેશો આપવામાં આવેલ છે જે ધ્યાને લેતા દરખાસ્ત દાર દ્વારા સદર કામે દરખાસ્તની અમલવારી કરાવવામા નિષ્ફળતા દાખવવામાં આવેલ હોય જેથી દરખાસ્ત ફરી દાખલ કરવાનીશરતે સદર દરખાસ્ત ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૨૪ મી માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ:–જોડિયા<br>
તા:–૨૪/૦૩/૨૦૨૬

પ્રિન્સીપાલ સિવિલ જજ,<br>
જોડિયા